# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪



**મહુધા તાલુકાના મહીસા ગામમાં ચાર લેવા બાબતે ઝઘડો થતાં ખેડૂત પર તલવાર વિંઝી : ધારાસભ્ય સહિત આગેવાનો દોડી ગયાં**

# મહીસામાં વિધર્મીએ ખેડૂત પર હુમલો કરતાં રોષ

**ખેડા જિલ્લામાં શાંતિ** ડહોળાય તે પહેલા પોલીસે પહોંચી પગલાં ભરવાના શરૂ કર્યાં

(પ્રતિનિધિ) મહુધા, ડાકોર તા.4

મહુધા તાલુકાના મહીસા ગામની સીમમાં કેનાલ નજીક ખેતરમાં ચારો લઇ રહેલા વિધર્મીઓને ખેડૂતે રોક્યાં હતાં. જેથી વિધર્મી ઉશ્કેરાઇ ગયાં અને તલવાર સહિતના હથિયારો સાથે ખેડૂત અને તેમના પરિવાર પર હુમલો કર્યો હતો. આ ઘટનાના ઘેરા પડઘા પડ્યાં હતાં. લોકોના ટોળા ભેગા થઇ જતાં તંગદીલી વ્યાપી હતી. જેના પગલે ખેડા પોલીસનો કાફલો મહિસા પહોંચ્યો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી.

ઠાસરા તાલુકાના રવાલીયા ગામમાં રહેતા ખુમાનસિંહ ઈશ્વરસિંહ ચાવડાનું ખેતર મહીસા ગામની સીમમાં નહેર પાસે આવેલું છે. ખુમાનસિંહ 4થી સપ્ટેમ્બરના રોજ વ્હેલી સવારે તેમના કાકા સુરેશભાઈ, પિતરાઇ ગોપાલભાઈ સાથે ખેતરમાં ચાર કાપવા માટે ગયાં હતાં. આ સમયે સાજીદ આસીફ મોમીન (રહે. નિઝામપુરા, તા. મહુધા) તેમના ખેતરના શેઢા પરથી ચાર કાપતો હતો. જેથી સુરેશભાઈએ તેને રોકી તું કેમ અમારા શેઢા પરથી ચાર કાપે છે ? તેમ કહેતા સાજીદ એકદમ ઉશ્કેરાઇ ગયો હતો અને હું તો અહીં જ ચાર કાપવાનો. તારાથી થાય તે કરી લેજે. તેમ કહી કોઈને ફોન કર્યો હતો. જેના પગલે થોડી જ વારમાં નિઝામપુરા ગામનો સલમાન મોમીન અને તેની સાથે અન્ય એક માણસ ટ્રેક્ટરમાં બેસી ખુમાનસિંહના ખેતરમાં ધસી આવ્યાં હતાં. આ સમયે સલમાનના હાથમાં તલવાર હતી અને બીજા શખ્સના હાથમાં લાકડાનો દંડો હતો. સલમાને તેના હાથમાં રહેલી તલવાર ખુમાનસિંહના ગળાના ભાગ તરફ જોરથી મારવા આવેલો હતો. આજે તને છોડવાનો નથી. તેમ કહી તલવારનો ઘા કર્યો હતો. જોકે, ખુમાનસિંહ નીચે પેસી જતાં બચી ગયાં હતાં. આ સમયે સાજીદ અને અજાણ્યા શખ્સે સુરેશભાઈ પર લાકડીથી હુમલો કર્યો હતો. જેમાં તે નીચે પડી જતાં સલમાન તલવાર લઇ તેમને મારવા ધસી ગયો હતો. જોકે, સુરેશભાઈ હટી જતાં તેમને પગની ઘુંટીના ભાગે તલવારનો ઘા વાગતાં ગંભીર ઈજા પહોંચી હતી. આ હુમલામાં બુમાબુમ થતાં નજીકના ખેતરમાંથી ખુમાનસિંહના બીજા કાકા રાયભણ દોડી આવ્યાં હતાં. પરંતુ તેમના પર પણ લાકડીથી હુમલો કર્યો હતો. આ ઝઘડાના પગલે નિઝામપુરાના અને રવાલિયાના ગ્રામજનો સામસામે આવી ગયાં હતાં. જોકે, બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક દોડી આવી હતી. જેના પગલે નિઝામપુરાના લોકો લાકડી, તલવાર અને ટ્રેક્ટર મુકી ભાગી ગયાં હતાં. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા સુરેશભાઈને તાત્લાકિ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ અંગે મહુધા પોલીસે સલમાન મોમીન, સાજીદ આસીફ મોમીન અને અજાણ્યા શખ્સ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



તસવીરઃ મહેશ શાહ

### ઠાસરા ધારાસભ્ય દ્વારા શાંતિની અપીલ

ઠાસરાના રવાલીયા ગામના ખેડૂત પર થયેલા હુમલાના લઇ ગ્રામજનોમાં ભારે રોષની લાગણી જન્મી છે. આ મુદ્દે ટોળા એકત્ર થયાં હતાં. જેના પગલે ઠાસરા ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર ધસી ગયાં હતાં અને તેઓએ શાંતિની અપીલ કરી હતી.

### ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો



મહુધાના મહીસા ગામમાં વિધર્મી દ્વારા ખેડૂત પર હુમલો કરવાના મુદ્દે ભારે તંગદીલી વ્યાપી ગઈ હતી. ડીવાયએસપી વી.એન. સોલંકીએ જણાવ્યું કે, ઘટનામા કુલ બે વ્યક્તિઓ ઘાયલ થયા છે અને ઘાસ કાપવા જેવી નજીવી બાબતે બોલાચાલી થતાં મામલો ઉગ્ર બન્યો હતો. જોકે બનાવની જાણ પોલીસને થતા પોલીસે ગામમાં બંદોબસ્ત ગોઠવી દીધો છે અને મોટુ સ્વરૂપ થાય તે પહેલાં જ પરિસ્થિતિને થાડે પાડી દીધી હતી. બીજી તરફ ઠાસરાના ધારાસભ્ય રવાલિયા ગામે દોડી જઇ રવાલિયા ગામના પંચાયત પાસે બેઠક કરી ગ્રામજનોને સમજાવ્યા હતા. જેના કારણે વાત વધુ વણસી નહોતી.

**નડિયાદમા પૂર્વ પ્રેમીના ત્રાસથી 25 વર્ષિય યુવતીએ પતિને ફોન પર જાણ કરી ચોથે માળેથી ઝંપલાવ્યુ**

# યુવતીએ ચોથા માળેથી કુદી આપઘાત કર્યો

**મોબાઇલમાં** પાડેલા ફોટા વારંવાર બતાવી પજવણી કરતો હતો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.4

નડિયાદના મંજીપુરા ગામે આવેલ એક ફ્લેટમાં રહેતી યુવતીએ ફ્લેટના ચોથા માળેથી કૂદી આપઘાત કર્યો છે. આ બનાવને પગલે ભારે અફડાતફડી મચી જવા પામી છે. પ્રેમ સંબંધ બાંધવા પરીણિતા પર અગાઉના પ્રેમીએ દબાણ કરતા અને તેના ફોટોગ્રાફ્સ બતાવી પરીણિતાને ત્રાસ આપતા આ ત્રાસ સહન ન થતાં તેણીએ ફ્લેટના માળેથી કૂદી આપઘાત કર્યો છે. આ બનાવ મામલે નડિયાદ ગ્રામ્ય પોલીસે દુષ્પ્રેરણની ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ તાલુકાના મંજીપુરા ગામે સુંદરવન સોસાયટીના ટાવર નંબર 2ના ચોથા માળે 404 મકાન નંબરમાં અલ્પેશભાઈ લક્ષ્મણભાઈ વાઘેલા (દેવીપૂજક) રહે છે. તેમની પત્ની ભારતી (ઉ.વ.25)ને અગાઉ સુરેશ ઉર્ફે ભગો અરવિંદભાઈ દેવીપુજક (રહે.અસામલી, તા.માતર) નામના ઈસમ સાથે પ્રેમસંબંધ હતો. જોકે બાદમાં આ ભારતીએ આ પ્રેમસંબંધ પર પૂર્ણવિરામ મૂકી દીધું હતું. જેના કારણે એક તરફી પ્રેમમાં પડેલા આ સુરેશ ઉર્ફે ભગાએ આ પ્રેમસંબંધ ચાલુ રાખવા અવારનવાર ફોન કરી અને રૂબરૂ મળી તેણીને જણાવતો હતો. પરંતુ ભારતી આ પ્રેમસંબંધ રાખવા માંગતી ન હોય સુરેશ ઉર્ફે ભગાએ તેણીની પર દબાણ કર્યું હતું. અને પોતાના ફોનમાં રાખેલા પરીણિતા ભારતીના ફોટોગ્રાફ્સ તેના પતિને બતાવી દેવાની ધમકી આપી આ સંબંધ ચાલુ રાખવા જણાવતો હતો. બાદમાં ગતરોજ 3 સપ્ટેમ્બરની મોડી રાત્રે આ સુરેશ ઉર્ફે ભગો અને તેની સાથે અન્ય એક ઈસમ ભારતીના ફોન પર અને તેના પતિના ફોન પર આ બાબતે ઝઘડો કર્યો હતો. તેણીના પતિની હાજરીમાં આ બંને ઈસમોએ પરીણિતાના ચારિત્ય ઉપર આગળી ચિંધી હતી. ઉપરાંત ફોટોગ્રાફ્સ પણ બતાવ્યા હતા. આ ત્રાસ સહન ન થતાં ભારતીએ ગતરોજ મોડી રાત્રે પોતાના ઘરના ચોથા માળની ગેલેરીમાથી નીચે ઝંપલાવી મોત વ્હાલ કર્યુ હતું.

આ બનાવ મામલે અલ્પેશભાઈ લક્ષ્મણભાઈ વાઘેલા (દેવીપૂજક)એ નડિયાદ ગ્રામ્ય પોલીસમાં પ્રેમસંબંધ રાખવા દબાણ કરનાર સુરેશ ઉર્ફે ભગો અરવિંદભાઈ દેવીપુજક તેમજ અન્ય એક ઈસમ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### પતિએ દિલાસો આપ્યો પણ..

પરીણિતાએ પોતાના પતિને જણાવેલ કે, આ સુરેશે મારી જીંદગી બરબાદ કરી નાખી છે અને આ લોકો આપણને સુખેથી નહી રહેવા દે, આ લોકો મને બદનામ કરી નાખશે. જેથી તમે મને માફ કરી દો અને તમે મને મારા પિયરમા મુકવા આવો મારે મારા માતા પિતાને મળવુ છે. તેમ કહી તે રડવા લાગેલ હતી. પતિ અલ્પેશે કાંઈ નહીં થાય આવું તું ચિંતા ન કર તારા માટે ઠંડુ લઈને આવું છું તેમ કહી ફ્લેટની નીચે ઉતરી દુકાને ગયા હતા. ત્યારે ભારતીએ તેના ફોનમાંથી પતિના ફોન કરી કહેલ કે, 'આવજે હું જાઉ છું' તેમ કહી ફ્લેટની ચોથા માળેથી ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. પતિ અલ્પેશભાઈ ફટાફટ પહોંચતા લહોથી લથપથ પોતાની પત્નીને જોઈ ચોકી ઉઠ્યા હતા. 108 એમ્બ્યુલન્સને જાણ કરતા તપાસ કરતા ભારતીનામાં જીવ રહ્યો નહોતો.

### મહિલાઓ પર અત્યાચાર વધી રહ્યા છે

ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી યુવતી અને મહિલાઓ સાથે બ્લેકમેઇલીંગ સહિતના કિસ્સા વધી રહ્યાં છે. આ અગાઉ પણ પૂર્વ પ્રેમી કે એક તરફી પ્રેમમાં પાગલ શખસોએ પરિણીતા કે યુવતીની પજવણી કરતા હોવાના કિસ્સા પોલીસ ચોપડે ચડ્યાં છે. કેટલાક કિસ્સામાં પરિણીતાને આપઘાત કરવાનો પણ વખત આવે છે. યુવતીઓના જીવનને બરબાદ કરતાં આવા શખ્સો સામે કડક પગલાં ભરવા માગણી ઉઠી છે.

**નડિયાદ નગરપાલિકાને હાથે કરેલા હૈયે વાગ્યા**

# નડિયાદમાં દુકાનો તોડી કાંસની સફાઈ કરવા પર હાઈકોર્ટનો સ્ટે

**સરદાર પ્રતિમાથી** બસ સ્ટેન્ડ તરફની 20 પૈકી 5 દુકાનોની અંદર ખોદકામ કર્યુ

**9 તારીખની** સુનાવણી સુધી કામગીરી બંધ રાખવા તાકીદ કરી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.4

નડિયાદમાં 25 ઈંચ જેટલા ભારે વરસાદને પગલે શહેરના મુખ્ય માર્ગ એવા સંતરામ રોડ પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેને ઓસરતા 3 દિવસનો સમય લાગ્યો હતો. જોકે હવે ઊઘાડ નિકળતા પાલિકાને બ્રહ્મજ્ઞાન લાધ્યું છે અને એકાએક કાંસ પરની દુકાનોમાં ગેપ ખોલાવી સાફ સફાઈનું સુઝ્યું છે. પાલિકા હસ્તકની કાંસ પરની દુકાનોને નોટીસો પાઠવી દુકાનો ખાલી કરવા જણાવાયું છે.

નડિયાદ પાલિકા દ્વારા સરદાર પ્રતિમાથી બસ સ્ટેન્ડ તરફ આવેલી 20 દુકાનો પૈકી 5 જેટલી દુકાનોમાં અંદરના ભાગે ખોદકામ કરાયુ હતુ. આ દુકાનો કાંસની ઉપર છે. બસ સ્ટેન્ડથી સરદાર પ્રતિમા તરફ જતો વરસાદી કાંસ શહેરના પૂર્વ ભાગનો મુખ્ય કાંસ છે. તેના કારણે મોટા ભાગનું પાણી આ કાંસમાથી શહેર બહાર ઠલવાઈ છે. તાજેતરમાં વરસાદી પાણી ભરાયા હતા અને પાણીનો નિકાલ થવામાં અવરોધ આવતો હોવાથી પાલિકા વિભાગે એક સપ્તાહ અગાઉ સંતરામ રોડથી સ્ટેચ્યુ તરફના પટ્ટા પર આવેલ કાંસ પરની દુકાનોને સૂચનાઓ આપી દીધી હતી. જે બાદ આ મામલે દરેક દુકાનદારોને નોટીસો પણ પાઠવી 24 કલાકમાં દુકાન ખાલી કરવા જણાવાયુ હતુ. નગરપાલિકાની ટીમ અત્રે પહોંચી અને કામગીરી આરંભી અને બીજીતરફ અત્રેના દુકાન માલિકો દ્વારા હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. જ્યાં દુકાનદારો તરફથી પક્ષ રજૂ કરવા પહોંચેલા વકીલ દ્વારા નગરપાલિકાની કામગીરી અંગેનો વિસ્તારથી રીપોર્ટ આપ્યો હતો. આ મામલે દુકાનદારોના વકીલને સાંભળવામાં આવ્યા હતા. જે બાદ ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ સંગીતા કે. વિશેન દ્વારા સમગ્ર મામલો વિસ્તારથી સાંભળ્યા બાદ હાલ પૂરતો સ્ટે આપી અને વધુ સુનાવણી 9મીએ રાખી છે.

આ અંગે દુકાનદાર ચિરાગ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, પાલિકા દ્વારા નોટીસ આપી માત્ર ગેપ ખોલી સફાઈ કરાવવા જણાવ્યું છે. પરંતુ અમારી માંગણી છે કે, પાલિકા એફીડેવીટ કરીને આપે કે અમે માત્ર ટેપીગ કરીએ છીએ જો કોઈ મિલકતને નુકશાન થાય તો સંપૂર્ણ જવાબદારી પાલિકાની રહેશે.



### દુકાનોના કારણે કાંસની સફાઈ થતી નથી

હાલ આ વર્ષો જૂની દુકાનોની આવરદા પુરી થઈ જતાં હવે બાંધકામ જર્જરિત થયું છે. આ દુકાનોની નીચેથી શહેરના પાણીને બહાર કાઢતો મુખ્ય કાંસ પસાર થાય છે. પરંતુ લાંબા વર્ષોથી આ કાંસની સાફસફાઈ ન થતાં વરસાદી પાણીના નિકાલમા અવરોધ ઊભો થયો હોવાનું પાલિકાનું માનવું છે. થોડા દિવસ પહેલા પડેલા ભારે વરસાદને પગલે સંતરામ રોડ, સરદારની પ્રતિમા તેમજ શહેરના અન્ય ઠેકાણે પાણી ભરાયા હતા.

### નગરપાલિકા દુકાનો ખાલી કરવા કહ્યુ , દુકાનદારોએ બાહેંધરી માંગી

આ નોટીસમાં પાલિકાએ એવો ઉલ્લેખ કર્યો છે કે, જે તે સમયે આ દુકાનો બની ત્યારે તેમાં સાફસફાઈ કરવા ગેપ રાખવામાં આવી હતી. પરંતુ લાંબા વર્ષોથી આ ગેપને સ્થાનિક દુકાનદારોએ પુરી સ્લેબ ભરી દીધા છે. જેના કારણે વર્ષોથી આ રોડ પરના કાંસની સફાઈ થઈ નથી. જેથી દુકાનદારોને નોટીસ આપી દુકાનો ખાલી કરવા જણાવાયું છે અને ગેપ કરી સાફ સફાઈ કરી પરત દુકાનદારોને દુકાનો અપાશે તેમ ચીફ ઓફિસર રૂદ્રેશ હુદડે જણાવ્યું છે. બીજી તરફ દુકાનદારો ખાલી કરવા તૈયાર છે પણ લેખીત બાંહેધરી આપે તેવી તેમની માગણી છે. આ ઉપરાંત કાંસમાં ગેપ ખોલી સાફસફાઈ કરાવતી વખતે દુકાનને કોઈ નુકશાન થાય તેની જવાબદારી પાલિકા લે તેમજ આ દુકાનો કેટલા દિવસમા પરત આપશે તેવી માંગ કરી છે. જોકે બીજી તરફ સ્થળ પર દોડી આવેલા પાલિકાના સીઓએ દુકાનદારોને આજેને આજે દુકાનો ખાલી કરવા જણાવાયુ છે. જેથી મામલો પેચીદો બન્યો છે જોકે ચીફ ઓફિસરે જાતે સરદારની પ્રતિમા પાસે આવી કાંસની સાફ સફાઈ આરંભી છે. પાલિકાએ સ્થાનિક પોલીસનો પણ સહારો લીધો છે.

# બોરસદમાં અધિકારીના બોગસ આઈકાર્ડ બનાવતો શખ્સ પકડાયો

**બનાવટી આઈકાર્ડ** મોબાઇલ કંપનીમાં રજુ કરી સસ્તા પ્લાનના સીમકાર્ડ એક્ટીવેટ કરાવતો હતો

(પ્રતિનિધિ) બોરસદ તા.4

બોરસદ શહેર પોલીસ સબ ઈન્સ્પેક્ટરે મોબાઈલના સીમકાર્ડ ઈશ્યુ કરતા શખ્સને પકડી પાડ્યો હતો. આ શખ્સ સરકારી અધિકારી તરીકેના બોગસ આઈકાર્ડ બનાવી સસ્તા પ્લાનના સીમકાર્ડ એક્ટીવેટ કરી જે તે ગ્રાહકને આપતો હતો.

બોરસદ શહેર પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે. એન. ચોપડાને બાતમી મળી હતી કે, એક શખ્સ બાઈક નં.જીજે 23 ડીકે 3156 પર કાળા કલરની બેગમાં બનાવટી સરકારી આઈકાર્ડ લઈને ફરે છે. જેનો ઉપયોગ સરકારી કામકાજમાં કરી રહ્યો છે. હાલ તે ઝેરોક્ષની દુકાને આવી રહ્યો છે. આ બાતમી આધારે કે. એન. ચોપડાએ પોતાની ટીમ સાથે 3જી નવેમ્બરના રોજ વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિ આવતા તેની અટક કરી પુછપરછ કરતાં તે ધ્રુવકુમાર ઉર્ફે ગોટુ પ્રભુદયાલ ગોલારામ આધ્યગોર (ઉ.વ.25, રહે. કૃષ્ણનગર સોસાયટી, બોરસદ) હોવાનું જણાવ્યું હતું. આ શખ્સ શંકાસ્પદ જણાતા તેની અટક કરી પોલીસ મથકે લાવ્યાં હતાં. જ્યાં તેની કાળા કલરની બેગમાં તપાસ કરતાં પ્લાસ્ટીકના કવરમાં આઈકાર્ડ તથા મોબાઈલ કંપનીના સીમકાર્ડ, ડાયરી મળી આવ્યાં હતાં. પોલીસે આઈકાર્ડ તપાસ કરતાં ગર્વમેન્ટ ઓફ ગુજરાત જ્યુડીશ્યલ ડિપાર્ટમેન્ટ વડોદરા, ડિસ્ટ્રીક્ટ પ્રીન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ વડોદરાના હોદ્દાનું સેસન્સ કોર્ટ વડોદરાના રાઉન્ડ સીલવાળા અલગ અલગ શખ્સોના નામના હોદ્દા સહિતના 5 આઈકાર્ડ મળી આવ્યાં હતાં. આ અંગે સંતોષકારક જવાબ આપી શક્યો નહતો. આથી, 16 સીમકાર્ડ, મોબાઈલ, બાઈક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં ધ્રુવકુમાર ઉર્ફે ગોટુ ગર્વમેન્ટ ઓફ ગુજરાત જ્યુડીશ્યલ ડિપાર્ટમેન્ટ વડોદરા ડિસ્ટ્રીક્ટ, પ્રીન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ વડોદરાના હોદ્દાનું સેસન્સ કોર્ટ વડોદરાના રાઉન્ડ સીલવાળા બનાવટી આઈકાર્ડ બનાવી, તે બનાવટી આઈકાર્ડનો મોબાઈલ કંપનીમાં સીમકાર્ડ મેળવવા માટે ખરા તરીકે ઉપયોગ કરતો હતો. આ અંગે તેની સામે ગુનો નોંધી રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

### ધ્રુવે સોથી વધુ આઈકાર્ડ બનાવ્યાની શંકા

બોરસદ શહેર પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે. એન. ચોપડાએ જણાવ્યું હતું કે, ધ્રુવ પાસેથી 5 આઈકાર્ડ કબજે કરવામાં આવ્યાં છે. વધુ વિગતો રિમાન્ડ દરમિયાન મેળવવામાં આવશે. પરંતુ તેણે સોથી વધુ બોગસ આઈકાર્ડ બનાવ્યાની શંકા છે. મોબાઇલ કંપની દ્વારા સરકારી કર્મચારીને અપાતા સસ્તા પ્લાન મેળવવા તેણે ગ્રાહકોના નામના બોગસ આઈકાર્ડ બનાવ્યાં છે. આ નેટવર્કમાં ગ્રાહકો પણ સંડોવાયેલા છે કે કેમ ? તે અંગે પણ પુછપરછ હાથ ધરવામાં આવશે.

## રઢુમાં મહિલાનું મંગળસુત્ર ચોરાયું

(પ્રતિનિધિ) ખેડા તા.4

ખેડાના રઢુ ગામમાં કામનાથ મહાદેવ મંદિરમાં દર્શન કરવા આવેલા મહિલાના ગળામાંથી મંગળસુત્ર ચોરાયું હતું.

અમદાવાદના સાણંદ ગામમાં રહેતા ચંદ્રિકાબહેન દશરથસિંહ વાઘેલા 3જી સપ્ટેમ્બર,2024ના રોજ તેમના પુત્ર કિરણસિંહ, પુત્રવધુ ધર્મિષ્ઠાબા સહિત પરિવારજનો સાથે રઢુ ગામમાં આવેલા કામનાથ મહાદેવના મંદિરે દર્શન કરવા આવ્યાં હતાં. આ સમયે તેઓએ ત્રણ તોલાનું મંગળસુત્ર કિંમત રૂ.2.10 લાખ પહેર્યું હતું. તેઓ મંદિરમાં દર્શન કરવા જતા હતા તે વખતે પરિવારજનો છુટા પડી ગયાં હતાં. જોકે, દર્શન કરી ચંદ્રિકાબહેન હવન પાસે ગયાં તે સમયે તેમના ગળામાં મંગળસુત્ર જોવા મળ્યું નહતું. આથી, ચોંકી ગયેલા ચંદ્રિકાબહેને તપાસ કરતા મળી આવ્યું નહતું. આ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કપડવંજના નિવૃત ફૌજી દંપતિની વંદે માતરમ ટીમ થકી સેવાકીય કાર્ય

**સળંગ ત્રણ દિવસ** સુધી જરૂરિયાતમંદ વ્યક્તિઓને ભોજન પીરસ્યું

(પ્રતિનિધિ) કપડવંજ, તા.3

કુદરતી આફતો સમયે સામાન્ય વ્યક્તિ હતપ્રત થઈ જાય છે . જ્યારે ફૌજી વ્યક્તિ સામનો કરવા તત્પર બને છે. એટલું જ નહીં પણ અન્ય વ્યક્તિઓની પણ ચિંતા પહેલી કરે છે. તેનું ઉમદા દ્રષ્ટાંત કપડવંજના ફોજી દંપતિએ પૂરૂં પાડ્યું છે.

કપડવંજ પંથકના ભારે વરસાદને કારણે ઘણા ગામો અને અનેક પરિવારો પાણી ભરાઈ જવાને કારણે નોંધારા બની ગયા હતા . ચાર ચાર દિવસ સુધી અન્નનો દાણો મુખમાં ગયો ન હતો આવા સમયે કપડવંજના ફૌજી દંપતિએ જીતેન્દ્રકુમાર બળદેવભાઈ પટેલ અને હેમીનીબેન જીતેન્દ્રભાઈ પટેલે તાત્કાલિક એક બટાલિયન 'વંદે માતરમ ટીમ' બનાવી હતી. જેમાં 51 વ્યક્તિઓ જોડાયા અને તેમાં પણ 10 તો નિવૃત્ત ફૌજી છે . વંદે માતરમ્ ટીમે તરત આરોગ્યપ્રદ ખીચડી બનાવી અને જરૂરી સાધન સામગ્રી લઈ વિતરણ કરવા નિકળ્યાં હતાં.



કપડવંજ તાલુકાના ગરોડ, દાણા રોડ, નવાગામની આજુબાજુના ગામડા, અને સોરણાપાટિયા નજીક કેટલાક વનવાસી કર્મશીલો કામ કરતા હતા તેમને આ ખીચડીનો પ્રસાદ પહોંચાડ્યો હતો. સળંગ ત્રણ દિવસ સુધી દરરોજ 551 વ્યક્તિઓને ખીચડીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો આ કાર્યમાં પાટીદાર સમાજનો ખૂબ જ સહયોગ રહ્યો હતો. જેમાં મહેન્દ્રભાઈ ફોજી, મનુભાઈ ફોજી, જીતુભાઈ ફોજી, ચંદ્રકાંતભાઈ પટેલ ફોજી, ગીરીશભાઈ પટેલ ફોજી, ધીરજભાઈ ગઢવી ફોજી, મધુરમભાઈ મહેતા ફોજી સહિત સ્મિત પટેલ, મનુભાઈ રામાભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, સંદીપભાઈ, કિરણભાઈ, કમલેશભાઈ, દિલીપભાઈ અને નિલેશભાઈ પટેલ જેવો વંદે માતરમ ટીમના સભ્યો છે.

### સંકટના સમયે નાના ગામડા સુધી પહોંચી રાહત સેવા તાત્કાલિક આપવા માટે સંકલ્પ

નિવૃત ફૌજી જીતેન્દ્રભાઈ એ જણાવ્યું કે, આ કાર્યમાં અમને ઘણા બધા દાતાઓ અને વ્યક્તિઓનો સાથ સહકાર મળ્યો અને મારી અને મારી પત્નીની ઈચ્છા છે કે અમારા સૈન્યની ભાષામાં 1150 વ્યક્તિની એક બટાલિયન હોય છે. તેવી એક બટાલિયન કપડવંજમાં ઊભી કરવી અને સંકટના સમયે આ 'વંદે માતરમ ટીમ' નાના ગામડા સુધી પહોંચી રાહત સેવા તાત્કાલિક આપી શકે પછી તે કોઈપણ પ્રકારની કુદરતી આપત હોય તેને પહોંચી વળવા સજ્જ એવી એક 1150 ની બટાલિયન ઉભી કરવાની અમારી ઈચ્છા છે. જે આવા આપત્તિ સમયમાં ખડે પગે ઉભા રહીને કામ કરી શકે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
**કિશોર પ્લાઝા,**
**આણંદ.**

**નડિયાદ**
**ઈશાન ન્યુઝ પેપર એજન્સી**
**સાગર ભુવન, ડભાણ**
**ભાગોળ, નડિયાદ**

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**